
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના સાહેબ, સાટ્ટો હુ ના રમુ... સટ્ટા માં તો દુકાન વેંચીને ગલ્લા પર આવી ગયો છુ...!!!

# સિવિલના તાત્કાલીક વિભાગની બાજુમાં ઉભરાતી ગટરથી નગરજનો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૯

શહેરની સિવિલ હોસ્પિટલમાં સમસ્યાઓ બંધ થવાનું નામ લેતી નથી. ત્યારે છેલ્લા કેટલાક સમયથી નવી બિલ્ડીંગમાં ગટરો ઉભરાતી હતી. ત્યારે પીઆઈયુ દ્વારા તે સમસ્યા દુર કરાઈ હતી. ત્યાં સિવિલના તાત્કાલીક વિભાગની બાજુમાં ગટર ઉભરાતા ગટરના દુર્ગંધ યુકત પાણી માર્ગો પર ફરી વળે છે.જયારે ભર ઉનાળે આ સ્થળે ચોમાસા જેવું દ્રશ્ય જોવા મળે છે. તો બીજીતરફ ગટર જે સ્થળે ઉભરાય છે. તે સ્થળ પર ટાંકીના પાણી પણ ઉભરાતા નજરે પડે છે. ત્યારે તાત્કાલીક વિભાગ પાસે જ ગંદા પાણીના ખાબોચીયાને પગલે નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.



ગાંધીનગર સિવિલમાં પીઆઈયુની મંથર ગતિએ ચાલી રહેલી કામગીરીને પગલે સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહી છે. ગાંધીગનર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ આવન જાવન કરતા નજરે પડે છે. જયારે ઓપીડી અને ૬૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીઓ સારવાર માટે દાખલ છે. ત્યારે સિવિલનો તાત્કાલીક વિભાગ પણ સતત ધમધમી રહ્યો હોય છે. સિવિલમાં દર્દીને તો સારવાર મળે જ છે. પરંતુ સિવિલમાં દુવિધા વધતી જોવા મળી રહી છે. પીઆઈયુ દ્વારા તાજેતરમાં નવી બિલ્ડીંગમાં લીફટમાં ભરાઈ જતા પાણી દુર કરવા માટે કાયમી ઉકેલ શોધી કાઢ્યો હોવાનું જણાવે છે. ત્યારે છેલ્લા અઠવાડીયાથી તાત્કાલીક વિભાગની પાસે જ બહારની બાજુએ ગટર ઉભરાતા તેના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાય છે. જયારે સિવિલ તંત્ર દ્વારા પીઆઈયુ વિભાગને જાણ કરવા છતા આંખ આડા કાન કરવામાં આવે છે. નવીન કામ સિવિલમાં રોકેટગતિએ પીઆઈયુ દ્વારા થઈ જાય છે. પરંતુ દુવિધાનું નિરાકરણ માટે પીઆઈયુ તંત્ર ઉદાસીન બની જાય છે. ત્યારે ગટરના ગંદા પાણી માર્ગ પર ફરી વળે છે. જેમાં તાત્કાલીક વિભાગની આસપાસ પાણી ભરાઈ રહે છે. જયારે પાણીની ટાંકીઓમાંથી પણ સતત પાણી વહેતુ રહે છે. ત્યારે ઉભરાતી ગટર અને દુર્ગંધથી દર્દીઓ અને નાગરીકો હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે આ પ્રશ્નનો ઝડપી હલ આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

● શહેર ભાજપ દ્વારા આજે ૧૧ વોર્ડમાં મન કી બાત કાર્યક્રમ સાંભળવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીસ, ત.ક. મંત્રી, ગ્રામસેવક મ.પ.હે.વ. અને ફિ.હે. વર્કરની ખાલી જગ્યાઓ પર આંતર જિલ્લા બદલીથી ૪૦ થી વધુ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવી છે.

● કલોલના જાસપુર પ્રા.આ. કેન્દ્રમાં ક્વોલીટી એસ્યોરન્સ પ્રમાણપત્રની તપાસ માટે આ માસના મધ્યમાં કેન્દ્રની ટીમ આવશે.

● અરૂણાચલ પ્રદેશની ૨૭ સભ્યોની ટીમ આજે જિલ્લામાં પંચાયતી રાજ વ્યવસ્થાના અભ્યાસ માટે આવી રહી છે.

● સે. ૨૭માં આવેલ ગ્રીનસીટીમાં આઈ.પી.એલ.ની મેચ જોવા બીગ સ્ક્રીનની વ્યવસ્થા બગીચામાં કરવામાં આવી છે. જેનો ગાંધીનગરમાં ક્રિકેટપ્રેમીઓએ લાભ લીધો હતો.

● આજથી જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય બે દિવસની રજા પર જઈ રહ્યા છે.

● પંચાયત વિભાગે એક હજાર જેટલા તો રોજગાર તાલિમ વિભાગે ૧૧૦૦ થી વધુ કર્મચારીઓની બદલીના હુકમો કર્યા છે. એક જ દિવસમાં ૨૨૦૦થી વધુ કર્મચારીઓની બદલી કરવાનો નવો વિક્રમ નોંધાયો છે.

● આજે ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે.

● ગાંધીનગર શહેરના રંગહમંચોની સફાઈને લઈ પણ ફરિયાદો ઉઠવા પામી છે.

## ચિલોડા ખાતે વર્લ્ડ ન્યુટીશયન ડે અંતર્ગત કિશોરી જાગૃતિ શિબિર યોજાઈ



ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે વર્લ્ડ ન્યુટીશનય ડે ઉજવણી અંતર્ગત કિશોરી જાગૃતિ અભિયાન ઉપક્રમે કિશોરી શિક્ષણ જાગૃતિ શિબિરમાં માસિક ધર્મ સ્વચ્છતા, આહાર-હિમોગ્લોબિન ટેબ્લેટ-માસિક ધર્મ સમયે સંકળાયેલા મહત્વના મુંઝવતા પ્રશ્નો-રાખવાની કાળજી, પૌષ્ટિક આહાર લેવા, એનિમિયા રોગ અટકાવવા કિશોરીઓને સારી આદતો વિકસાવવા, પ્રથમ કિશોરીની નોંધણી, આરોગ્યલક્ષી બાબતો અંગે એફ.એચ. ડબલ્યુ અલ્પાબેન પટેલ તથા આશાવર્કર બહેનો, આંગણવાડી બહેનોએ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

## શહેરમાં ઉચ્ચ અધિકારીએ પત્નિને ઘરમાં પ્રવેશવા ન દેતા પત્નિએ ઘરની બહાર અડીંગો જમાવ્યો

ગાંધીનગર, તા.૨૯

સાબરકાંઠાના ગ્રામ્ય વિસ્તારની યુવતિના લગ્ન ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા અને સાબરકાંઠાના મુખ્ય શહેરમાં ઉચ્ચ હોદા પર ફરજ બજાવતા અધિકારી સાથે થયા છે. ત્યારે લગ્નના એક દાયકા બાદ પતિ દ્વારા મહિલાને તરછોડી છુટાછેડા માટે દબાણ કરવામાં આવે છે. પરંતુ મહિલાના પરિવાર દ્વારા સમાધાન મુદ્દે વાતચીત થયા બાદ પણ કોઈ ફળદાયી પરિણામ આવ્યું નથી . જેથી ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે સાસરીમાં મહિલાએ છેલ્લા ત્રણ દિવસથી અડીંગો જમાવ્યો છે. પરંતુ પતિ અને સાસુ-સસરા ઘરને તાળુ મારીને જતા રહ્યા છે. ત્યારે સમગ્ર શહેરમાં આ મુદ્દાએ ચકચાર જગાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગરમાં એક વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં એક મહિલા પોતાના ઘરમાં પ્રવેશ મેળવવા માટે પ્રયત્ન કરી રહી છે. સેકટર-૨ ખાતે એક મહિલા છેલ્લા ત્રણ દિવસથી ઘરની બહાર ખાટલા પર બેઠા છે. મહિલાના દાવા પ્રમાણે સરકારી અધિકારીપતિ અને સાસુ-સસરા ઘરને તાળુ મારી જતા રહ્યા છે. સોશ્યલ મિડિયામાં ફરતા થયેલા મેસેજ અને મહિલાના દાવા મુજબ પતિ સરકારી અધિકારી છે. જયારે સાસુ સસરા પણ સરકારી નોકરીમાંથી નિવૃત થયા છે. અંદાજીત ૧૨ વર્ષ પહેલા તેમના લગ્ન થયા હતા.વર્ષ ૨૦૨૦ સુધી ઘરે રહ્યા બાદ પતિ દ્વારા તેમને તરછોડીને છુટાછેડા માટે દબાણ કરાયુ હતું. પરિવાર દ્વારા સમાધાનના પ્રયત્નો વચ્ચે કોઈ ઉકેલ ન આવતા મહિલાએ હવે સાસરીમાં આવીને બેસી ગઈ છે. મહિલાએ આ અંગે સોશ્યલ મિડીયામાં મેસેજ વાયરલ કર્યો છે કે જેમાં દાવો કર્યો છે કે સાસરી પક્ષના સભ્યો ઘર બહાર એકલા મુકીને ખરાબ વ્યવહાર કરીને ઘરને તાળુ મારી ભાગી ગયા છે. ઘરમાં રહેવાનો અને પ્રવેશવાનો હક હોવા છતા હક ન આપીને ઘરમાં પ્રવેશથી અટકાવી કોઈ અજાણી જગ્યાએ જઈને છુપાઈ ગયા છે. મહિલાએ સોશ્યલ મિડીયા માધ્યમથી ચિમકી ઉચ્ચારી છે કે ૩૦ મે સવારે ૧૦ કલાક પહેલા ઘરનું તાળુ નહી ખોલાય તો જાતે તાળુ તોડી દરવાજા ખોલી ઘરમાં પ્રવેશ કરશે.

## ચિલોડા ખાતે આત્મનિર્ભર કિસાન સ્વર્ણિમ ભારત કી શાન થીમ હેઠળ કિસાન સંમેલન યોજાશે

ચિલોડા, તા. ૨૯

આઝાદીના અમૃત મહોત્સવ અને બ્રહ્માકુમારીના આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર ના થીમ હેઠળ ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અને પ્રજાપિતા બ્રહ્માકુમાર ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય અને ભગિની સંસ્થા રાજયોગ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના કૃષિ અને ગ્રામવિકાસ પ્રભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા સેવાકેન્દ્ર ખાતે આત્મનિર્ભર કિસાન સ્વર્ણિમ ભારત કી શાન વિષય પર એક કિસાન સંમેલનના અધ્યક્ષ મંત્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ, મંત્રી કૃષિ પશુપાલન, ગૌસંવર્ધન, ગુ. રાજ્ય ગાંધીનગરની ઉપસ્થિતિમાં તા. ૩૦-૫-૨૦૨૨ સોમવારે સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે.

આ સંમેલનમાં મુખ્ય વક્તા બ્રહ્માકુમારી સરલાબેન રાષ્ટ્રીય અધ્યક્ષા, કૃષિ અને ગ્રામ વિકાસ પ્રભાગ, તથા રાજયોગી બ્ર.નું રાજુભાઈ તેમજ શુભેચ્છક તરીકે બ્રહ્માકુમારી નેહાબેન અને આર્શીવચન બ્ર. કુમારી કૈલાસદીદી ગાંધીનગર વગેરે સંમેલનમાં સહયોગી બનશે. આ સાથે સંમેલનમાં દીપ પ્રાગટ્યના આમંત્રિત મહેમાનો તરીકે જિલ્લાના તેમજ તાલુકાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ દિલિપભાઈ પટેલ સહિત સામાજિક, સહકારીતા, શૈક્ષણિક, સહકારી મંડળીઓ તથા ચિલોડા આજુબાજુના ગામોના સરપંચો, પ્રગતિશીલ ખેડૂતો, વિવિધ સંસ્થાના હોદેદારો તથા મહાનુભાવોને વિશેષ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે 'પરિવર્તન-એક સોચ નયી ઉમ્મીદ'ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૯

શ્રી સત્તસંગ શિક્ષા પરિષદના ૫૦ વર્ષની ઉજવણીના ભાગ સ્વરૂપે શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, સેક્ટર-૨૨, ગાંધીનગર દ્વારા વાર્ષિકોત્સવ 'પરિવર્તન-એક સોચ નયી ઉમ્મીદ' ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના ઉપલક્ષે વિવેકાનંદદાસ (આઈ.એ.સી.ઈ., ગાંધીનગર), શાસ્ત્રી શ્રી રામકૃષ્ણ સ્વામી (ચેરમેન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ગાંધીનગર), ધર્મેશ વંડરા (ડીરેક્ટર, એસએસઆઈટી તથા એસએસપી), ભાવિક શાહ (પ્રિન્સિપાલ, એસએસપી), ડૉ.હિતેશ વંડરા (પ્રિન્સિપાલ, એસએસઆઈટી) ઉપસ્થિત રહ્યા હતા. ઉજવણીના ભાગ સ્વરૂપે ઉચ્ચ પરિણામ મેળવેલ, વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ તથા વિજેતા બનેલા વિદ્યાર્થીઓનું મેડલ દ્વારા સમ્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ અંતર્ગત ધર્મેશ વંડરા (ડીરેક્ટર, એસએસઆઈટી તથા એસએસપી ) દ્વારા ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન તથા શુભકામનાઓ પાઠવવામા આવી હતી. તેમણે ૧૧ માં ખેલ મહાકુંભનું રાજ્ય કક્ષાએ કરાટે સ્પર્ધામાં ભાગ લીધેલ સંસ્થાના વિદ્યાર્થી એવા પંચાલ દેવેશ સંજયભાઈ ૪૫ કિલોગ્રામ વજન ગ્રુપમાં પ્રથમ ક્રમ મેળવી સુવર્ણ પદક હાંસલ કર્યો તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ જુડોના કમ્પ્યુટરની વિદ્યાર્થીની નીવા પુરાણી ૪૫ કિ.ગ્રા. વજન ગ્રુપમાં રાજયમાં પ્રથમ ક્રમાંક મેળવી સુવર્ણ પદક મેળવ્યો છે તેને પણ શુભેચ્છા પાઠવી હતી. આ બંને વિદ્યાર્થી ભારત દેશે લેવલ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે તેમ જણાવ્યું હતું.

પરિવર્તન-૨૨ પ્રોગ્રામ હેઠળ ભારતની અર્વાચીન સંસ્કૃતિ, આઝાદીની ચળવળ અને ૨૧મી સદીમાં દેશને વિશ્વ ફલક પર મહાસત્તા બનાવવા દરેક નાગરિકનું યોગદાન સમજાવતા સાંસ્કૃતિક નૃત્ય અને નાટક રજુ કરવામાં આવ્યું હતું.

## ખોદેલા રસ્તાઓ તરત રીપેર કરવા જાગૃત નાગરિક પરિષદની અપીલ


**ચોમાસુ માથે ગાજે છે ત્યારે પાઇપ લાઇનની કામગીરીને કારણે ખોદેલા રસ્તાઓ તરત રિપેર કરવા તંત્રને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની અપીલ : નાગરિકોને વિશ્વાસમાં લઈને કામગીરી થાય તે જરૂરી**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં ગટરની પાઈપ લાઈન રીપેરીંગ તેમજ પાણીની પાઈપ લાઈન નાંખવાની કામગીરી મોટા પ્રમાણમાં ચાલી રહી છે અને કામગીરી પૂર્ણ થયા પછી રસ્તાઓ પૂર્વવત્ કરવામાં આવતા નથી. પરિણામે થોડા દિવસોમાં આવી રહેલા ચોમાસામાં ઊભી થનારી ભયંકર પરિસ્થિતિની કલ્પનાથી ગાંધીનગરના નાગરિકો ચિંતાગ્રસ્ત બનેલા છે. વહીવટી તંત્રે નાગરિકોને વિશ્વાસમાં લઈને કામગીરીમાં આગળ વધવું જોઈએ તેમજ નાગરિકોને યોગ્ય જવાબ મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ તેમ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે.



સેકટર-૩૦, જાગૃતિ પાર્કમાં લાપરવાહીને કારણે ગટર અને પીવાના પાણીની પાઈપ લાઈન ક્રોસ થવાથી લીકેજનો પ્રશ્ન ઉભો થયો છે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના માર્ગદર્શક સભ્ય પ્રોફેસર રવિન્દ્રભાઈ દવેએ તેમના નિવાસસ્થાન ના સેકટર નંબર ૩૦ ની પરિસ્થિતિ વર્ણવતા જણાવ્યું છે કે તાઃ૨૫/૫/૨૨ ના રોજ પહેલા પેટા કોન્ટ્રાક્ટરના માણસો આવ્યા, ખાડા ખોદ્યા. બીજે દિવસે ગટર પાઈપ, મેન હોલવાળા આવ્યા, કામ પુરું કર્યુ. નિવાસીજનોએ બન્ને પેટા કોન્ટ્રાક્ટર્સના અગ્રણીઓને કામ અંગે વાત કરી, તેઓએ કહેલ કે 'સાહેબ'ને જણાવીશું, તેઓ જવાબ આપશે. તેઓએ કામ પુરું કરી દીધું છે! ત્યારથી આ હાલત છે! સાહેબ ક્યારે વાત કરશે?, ત્રીજા અને કેટલા પેટા કોન્ટ્રાક્ટર્સ આવશે?, પાણીની પાઈપ લાઈન, માર્ગ બાંધકામ, વગેરે કામો ક્યારે શરૂ થશે-પૂરાં થશે? ચોમાસું શરૂ થવાની આગાહી સરકારશ્રીના સંબંધિત વિભાગોએ કરી છે. હાં, જો કે આ જ સેક્ટરના અનેક માર્ગો ગયા ચોમાસાથી મરામત માંગે છે અન્ય રસ્તાઓ રીપેર કરવાની અનિવાર્યતા છે પણ કામગીરી યોગ્ય સમયે થાય અને તરત પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે . ગાંધીનગર "સ્માર્ટ સિટી" બની રહેલ છે. સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહેલ છે. સત્તાધિશો જાગૃત રહે તેમજ સાચા અર્થમાં શહેર ઉત્તમ ઊદાહરણીય બની રહે તેવી વ્યવસ્થા કરવા પ્રોફેસર દવેએ અપીલ કરી છે.



શહેરમાં કચરો એકત્રિત કરવાની કામગીરી નિયમિત રીતે થતી નથી જયારે સેકટરોમાં પણ ઘરે ઘરે કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા વારંવાર ખોરવાઈ જાય છે. સેકટરોમાં કચરાથી છલકાતી કચરાપેટી સમયસર ખાલી ન થતા ડસ્ટબીન પાસે જ ઉકરડો અસ્તિત્વમાં આવે છે. સેકટરોના રહેણાંક વિસ્તારની જેમ જાહેર સ્થળો પર પણ આવી જ સ્થિતિ છે. યોગી બસ સ્ટેન્ડ પાસે કચરાનો ઢગ જોવા મળે છે. કચરાપેટી લાંબા સમયથી ઉભરાઈ રહી છે પરંતુ કચરાનો નિકાલ થતો નથી

## DAIICT ગાંધીનગર ખાતે યોજાઈ સુપર કમ્પ્યૂટર અંગેની ટ્રેનિંગ વર્કશોપ

**ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા આયોજિત વર્કશોપમાં ૨૬ ઇન્સ્ટિટ્યૂટ્સના ૭૦ થી વધારે ફેકલ્ટીઝ જોડાઈ**

ગાંધીનગર, તા. ૨૯

આધુનિક સમયમાં વિકાસનાં લક્ષ્યાંકો સર કરવા માટે સુપર કમ્પ્યૂટિંગ આવશ્યક બન્યું છે. શિક્ષણથી લઈને સંરક્ષણ ક્ષેત્ર સહિતનાં તમામ ક્ષેત્રોમાં સુપર કમ્પ્યૂટિંગ વિના ચાલી શકે નહીં. ગુજરાત સરકારે રાજ્યના વિદ્યાર્થીઓથી લઈને અધ્યાપકો માટે સુપર કમ્પ્યૂટિંગની સુવિધા વિકસાવવાનું સાહસિક પગલું ભર્યું છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) રાજ્યની એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટ્સ, સંશોધન સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓમાં સુપર કમ્પ્યૂટિંગ સુવિધાઓ વિકસાવવા પ્રતિબદ્ધ છે. GUJCOST દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૬ એન્જિનિયરિંગ અને યુનિવર્સિટી વિભાગોમાં સુપર કમ્પ્યૂટર ઈન્સ્ટૉલ કરવામાં આવ્યાં છે. આ સુપર કમ્પ્યૂટરનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તથા યુનિવર્સિટી સ્તરે ઉચ્ચ સ્તરીય સંશોધનો તથા ઈનોવેશનમાં સુપર કમ્પ્યૂટિંગને કામે લગાડી શકાય, એવા ઉદ્દેશથી આ સંસ્થાઓના ફેકલ્ટીઝ માટે ગાંધીનગર સ્થિત DA-IICT ખાતે ૨૬થી ૨૮ મે, ૨૦૨૨ના દિવસોમાં ત્રિ-દિવસીય તાલીમી કાર્યશાળાનું આયોજન કરાયું. આ ત્રિ-દિવસીય ટ્રેનિંગ વર્કશોપમાં ૨૬ સંસ્થાઓની કુલ ૭૦થી વધારે ફેકલ્ટીઝ અને



સંશોધકો સહભાગી બન્યા. વર્કશોપમાં C-DAC, પૂનાના નિષ્ણાતો ડૉ. વામ્શી ક્રિષ્ના, ડૉ. હરિકેશ તુલસીરામ શિંદે અને ડૉ. જયશ્રી સંજય પવાર દ્વારા જુદાં જુદાં સેશન લેવામાં આવ્યાં તથા હાઈ પરફોર્મન્સ કમ્પ્યૂટિંગ તથા ડીપ લર્નિંગ સિસ્ટમ અંગે તાલીમ આપવામાં આવી. વિદ્યાર્થીઓ, સંશોધકો, ફેકલ્ટી મેમ્બર્સ વગેરે સુપર કમ્પ્યૂટિંગ થકી ઉચ્ચ સ્તરીય સંશોધનો હાથ ધરી શકે તથા ઈનોવેશનને વેગ આપી શકે, એવા ઉદ્દેશથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજકોસ્ટને આશા છે કે આવી તાલીમ થકી કૌશલ્યના વિકાસ સાથે આત્મનિર્ભર ભારત તરફ મજબૂત રીતે આગળ વધી શકાશે.

## આજે જિલ્લાના પોલીસ કર્મીયોગી માટે નવનિર્મિત બિન રહેણાંક અને રહેણાંક આવાસોનું વર્ચ્યુઅલ લોકાર્પણ

**જિલ્લાના પોલીસ કર્મીયોગી માટે બી-કક્ષાના ૧૯૨ આવાસોનું ૩૫ કરોડથી વધુના ખર્ચે નિર્માણ કરાયું**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના પોલીસ કર્મીયોગી માટે નવનિર્મિત બિન રહેણાંક અને રહેણાંક આવાસોનું આજરોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના પોલીસ કર્મીયોગી માટે બી-કક્ષાના ૧૯૨ આવાસોનું નિર્માણ રૂપિયા ૩૫ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવ્યું છે. તેમજ કરાઈ પોલીસ અકાદમી ખાતે મેલ બેરેકનું રૂપિયા ૯ કરોડથી વધુના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર પોલીસ હેડકવાર્ટર, સેકટર-૨૭ ખાતે યોજાયેલ સમારંભમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં શાંતિ, સલામતી અને સુરક્ષા કરવાનું કામ જિલ્લાના પોલીસતંત્ર દ્વારા સુચારું રીતે કરવામાં આવી રહ્યું છે. પોલીસ કર્મીઓની રાઉન્ડ ધ કલોક ફરજ પર હોય છે. આવી ઉમદા ફરજ અદા કરતા પોલીસકર્મીઓ અને તેમના પરિવારજનોનું જીવન અદ્યતન આવસોમાં સુવિધા સાથે વીતે તે માટે રાજય સરકાર દ્વારા આ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મેયરે એવી પણ જાહેરાત કરી હતી કે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા પોલીસ મથકોએ અરજદારો, મુલાકાતીઓ અને પોલીસ કર્મીઓને બેસવા માટે ખુરશીઓ અને બાંકડા મુકવાનું કાર્ય મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. આ અંગે કેટલા બાંકડા અને ખુરશીઓની જરૂર રહેશે, તેની વિગત આપવા પણ જિલ્લા પોલીસ વડાને જણાવ્યું હતું.

પોલીસ આવાસ મેળવનાર સર્વે પોલીસ કર્મીયોગીઓને અભિનંદન પાઠવી અને મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જિલ્લા પોલીસ વડા તરૂણકુમાર દુગલે જણાવ્યું હતું કે સતત જિલ્લામાં શાંતિ, સલામતી અને સુરક્ષા માટે દોડતા પોલીસ જવાનોના પરિવારજનોને અદ્યતન સુવિધા આપવા માટે આ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૧૯૨ આવાસોના કામનો આરંભ તા. ૨ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યો હતો. માત્ર બે વર્ષના ટુંકાગાળામાં રૂપિયા ૩૫ કરોડથી વધુના ખર્ચે આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. કાર્યક્રમના અંતે ડી.વાય.એસ.પી. એમ.જે. સોલંકીએ આભારવિધી કરી હતી.